## બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ – PML–1 જાહેર કરવા અને વાંધા અરજી રજૂ કરવા સંદર્ભે સૂચનાઓ

**તા. ૧૬/૦૨/૨૦૨૬**

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ના PML-1 અન્વયે ઓનલાઇન ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે જિલ્લાઓ દ્વારા જે ઉમેદવારોના કિસ્સાઓમાં કવેરી ધ્યાને આવેલ હતી તે પૈકી ભરતી સમિતિ દ્વારા જે ઉમેદવારોની અરજીઓ **રદ કરવામાં આવેલ છે તેની યાદી –"પત્રક–અ"** અને જે ઉમેદવારોની અરજીઓ અન્વયે ગુણ/અનુભવ/અન્ય બાબતે **સુધારા કરવામાં આવેલ હોય તેની યાદી –"પત્રક–બ"** https://www.gserc.in/ વેબસાઇટ પર મૂકવામાં આવે છે.

- ઉમેદવારોની ઓનલાઇન અરજીઓ સંદર્ભે પત્રક–અ અને પત્રક–બ ની વિગતોને ધ્યાને લઇ વિભાગવાર, માધ્યમવાર, વિષયવાર તથા કેટેગરીવાર કામચલાઉ મેરીટ યાદી (PML-1) તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ના PML-1 અન્વયે ઉમેદવારને કોઈ વાંધો હોય તો, વાંધો રજૂ કરતી અરજી **તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ** કચેરી સમય દરમિયાન સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે રજૂ કરવાની રહેશે.
- PML-1 માં સમાવિષ્ટ થવાથી શિક્ષણ સહાયકની તરીકે નિમણૂક મેળવવાનો કોઇ હક પ્રસ્થાપિત થતો નથી જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- વાંધા અરજી રજૂ કરવા ઇચ્છતા ઉમેદવારે પોતાની વાંધા અરજી પોતે હાલ જે જિલ્લામાં ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવેલ છે તે જ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનું નામ, સરનામુ, વિભાગ, માધ્યમ, વિષય, કેટેગરી, ઓનલાઇન અરજી નંબર, અને મોબાઈલ નંબર દર્શાવી જે બાબતે વાંધો હોય તે વાંધાની વિગતો સ્પષ્ટ દર્શાવી જરૂરી આધાર–પૂરાવા રજૂ કરવાના રહેશે તથા તે આધારોની સ્વ–પ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે.
- સમયમર્યાદામાં રજૂ ન થયેલ વાંધા અરજીઓ તેમજ નિયત સ્થળ સિવાય અન્ય સ્થળે મોકલાવેલ વાંધા અરજીઓ તથા ટપાલ, કુરિયર કે રજી.એ.ડી., ઈ–મેઈલ કે અન્ય માધ્યમે મળેલ વાંધા અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિં અને સીધી દફ્તરે કરવામાં આવશે.

- વાંધા અરજીઓ જે તે **<u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી</u>** પર ઉમેદવારે રૂબરૂમાં જ રજૂ કરવાની રહેશે. તેમ છતાં જો ઉમેદવાર અનિવાર્ય તબીબી કારણોસર સૂચવેલ સમયે અને સ્થળે વાંધા અરજી રજૂ કરવા રૂબરૂમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેના જરૂરી આધારો સહ અન્ય કોઇ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર(મુખત્યાર પત્ર) આપી મોકલી આપવાનો રહેશે.
- રાજ્યકક્ષાએ રજૂ થયેલ ક્વેરીવાળી અરજીઓને ભરતી સમિતિ સમક્ષ રજૂ કરી નીચે મુજબની યાદી મુજબના નિર્ણય કરવામાં આવેલ છે.

  (૧) "પત્રક–અ" (રદ કરવામાં આવેલ અરજીઓની યાદી)

  (૨) "પત્રક–બ" (સુધારા કરવામાં આવેલ હોય તેવી અરજીઓની યાદી)

GS & HSS Education Staff Recruitment Selection Committee